





## પ્રાંતિજ ખાતે ઇઝરાયલના પી.એમ. અને ભારતના વડાપ્રધાનને ઇન્ડો ઇઝરાયલ ફાર્મની મુલાકાત લીધી

ઈઝરાયલી પીએમ બેન્જામીન નેતન્યાહુ અને ભારતના પીએમ ગુજરાત ના પ્રવાસે છે ત્યારે તેવો અમદાવાદ થી બપોરબાદ સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના વદરાડ ખાતે બન્ને પીએમોએ બાગાયત સેન્ટર ની મુલાકાત લીધી હતી .પ્રાંતિજ ના વદરાડ ખાતે આવેલ ઈન્ડો ઈઝરાઈલ ફાર્મ ની ઈઝરાઈલ ના પીએમ બેન્જામીન નેતન્યાહુના તથા ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાત મુલાકાત દરમ્યાન ખાસ કરીને વદરાડ ખાતે આવેલ બાગાયત સેન્ટર સેન્ટર ઓફ એક બેલેન્સ ફોર વેજીટેબલ્સની મુલાકાત લીધી હતી જેમાં બન્ને પીએમો અમદાવાદ થી બાવળા અને ત્યાંથી હેલ્લી કોપ્ટર મારફતે વદરાડ ખાતે આવી પહોચ્યા હતાં તો તેમણુ સ્વાગત બાગાયતી અધિકારી ખેડૂતો તથા શાકભાજી ના વેપારીઓ દ્વારા તેવોનુ સ્વાગત કરવામાં આવ્યું હતું ત્યાર બાદ બન્ને પીએમો સહિત ઉપસ્થિત અધિકારીઓ મંત્રીઓએ સ્ટોનનુ અનાવરણ સાથે શાકભાજી ઓ પ્લગ નર્સરી ની મુલાકાત લીધી હતી ત્યારબાદ પોલીહાઉસ ખેડૂતો ની ભેગી કરવા અને લેમ્પ ના આકાશી વિજળી ની દિશામાં આવતાં ઈન્ડો- લેસેરેલ વર્ક પ્લાન- ૦૩ ની પ્રવૃતિઓની વિડીઓ રજુઆત કુષિ અને ખેડૂતોના કલ્યાણ મંત્રાલય દ્વારા કરવામાં આવી હતી તો ભુજ ના કુમામામાં ખાતે ખારેક સેન્ટર નું રીમોન્ટ દ્વારા ઉદ્ઘાટન અને કુમામામાંના ખેડૂતો સાથે વિડીઓ કોન્ફરન્સિંગ દ્વારા ખેડૂતો ને શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી તો પ્લગ નર્સરી ચેરી અને ટામેટાની ખેતીને વિશેષ મદત આપવામા આવશે જયારે ખેડૂતો સાથે ખેતી લગતી સીધો સંવાદ કરવામાં આવ્યો હતો .

# હિંમતનગર ખાતે 'માણસ છે ભાઈ માણસ' નાટક રજુ થયુ

હિંમતનગર, તા. ૧૭

હિંમતનગરના આંગણે એક સાથે બે પ્રસંગ નાટકના શૉ વખતે યોજાયા. એક સાબરકાંઠા - ગુજરાતના જાણીતા ગૌરવ પુરસ્કૃત નાટ્યકાર ભરત વ્યાસના જીવનનું ૫૦મું રજુ થયુ. આ પ્રસંગે કલાકારોએ કેક કાપી ઉજવણી કરી મોમેન્ટ આપવામાં આવી અને ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના આર્થિક સહયોગથી સાગર અકાદમી હિંમતનગર દ્વારા નિર્માણ થયેલ નાટક 'માણસ છે ભાઈ માણસ'ને માણવાની તક મળી. આ નાટકના કુલ ત્રણ શૉ તા. ૮-૧-૨૦૧૮ મોડાસા, તા. ૧૦-૧-૨૦૧૮ ઈડર, તથા તા. ૧૩-૧-૨૦૧૮ હિંમતનગર ખાતે સફળતાપૂર્વક રજુ થયા. ભ્રષ્ટાચારને નાબુદ કઈ રીતે કરી શકાય અને આ પૃથ્વી પર કળીયુગનું કેટલુ પ્રભુત્વ છે તેવા સાંપ્રત વિષય આધારિત આ નાટકનું લેખન, દિગ્દર્શન ભરત વ્યાસે કર્યું. આ નાટકમાં જયપ્રકાશ જોષી, મહેશ પંડ્યા, વિરલ રાવલ, ભારતી ખંડાગલે, નિધી ઉપાધ્યાય, રાજન વ્યાસ, બળવંત રાઠોડ, ચંદનસિંહ વાઘેલા અને ભરત વ્યાસે અભિનય આપ્યો છે. જ્યારે સંગીત શ્રીરામ ભટ્ટનું છે. પ્રેક્ષકોએ ખુબજ વખાણેલુ આ નાટક સમાજને મૂલ્ય વર્ધક સંદેશ આપે છે.



આ નાટકને સફળ બનાવવા કાન્તીભાઈ શાહ (મોન્ટેજ લેબોરેટરી, હિંમતનગર), ડૉ. મહેન્દ્ર સોની (યશદીપ હોસ્પિટલ, હિંમતનગર) પ્રશાંત વ્યાસ (શેપ ઈન સ્માઈલીંગ સેન્ટર-૪ હિંમતનગર) પ્રકાશ વૈદ (પ્રમુખ સાબર યુવા કેન્દ્ર)દ્વારા સુંદર સહયોગ મળેલ હતો.

# વદરાડ સેન્ટર ઓફ એક્સલન્સના માર્ગદર્શનથી અમારું કૃષિ ઉત્પાદન વધ્યું-આર્થિક સ્થિતિ સુધરી

## ભારત-ઇઝરાયલના પ્રધાનમંત્રીઓ સમક્ષ કિસાનોએ આપ્યા પ્રતિભાવ

સાબરકાંઠા જિલ્લાના વદરાડ ખાતે ભારત-ઈઝરાયેલના સહયોગથી તૈયાર થયેલા સેન્ટર ઓફ એક્સલન્સ ફોર વેજીટેબલ ખાતે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી અને ઈઝરાયલના વડા શ્રીયુત બેન્જામીન નેતાન્યાહુએ પ્રગતિશીલ ખેડુતો સાથેના સંવાદ દ્વારા તેમની સાફલ્યગાથા જાણી હતી. ભારત-ઈઝરાયલની સહભાગીદારી અને કૃષિ ક્ષેત્રે ઈન્ડો-ઈઝરાયલના સહકારના ૨૫ વર્ષની ઉજવણીના ભાગરૂપે આ કાર્યક્રમ યોજાયો હતો. ખેડુતોએ આ સેન્ટર ઓફ એક્સલન્સથી કૃષિ-આર્થિક ક્ષેત્રે આવેલા પરિવર્તનને દોહરાવ્યું હતું.

પ્રાંતિજ તાલુકાના મામરોલી ગામના વતની ઘનશ્યામભાઈ પટેલે જણાવ્યું હતું કે અગાઉ હું પરંપરાગત અને ચીલાચાલુ પધ્ધતિથી ખેતી કરતો હતો. સેન્ટર ઓફ એક્સલન્સની મુલાકાત અને તાલીમથી ધરૂ ઉછેર દ્વારા ઓફ સીઝન પાક લેવાનું શરૂ કર્યુ અને ઉનાળાના દિવસોમાં પણ કોબી અને ફલાવર ઉત્પાદિત કરી બજારમાં મુક્યા. તેઓ કહે છે કે મેં એક હેકટર જમીનમાં ધરૂ દ્વારા ખેતી કરીને વર્ષે રૂ.દોઢ કરોડની કમાણી કરી છે.



હિંમતનગરના મયુર પટેલને બિયારણનો વેપાર છે. આ વેપારને કારણે તેઓ ઘણાં દેશોમાં ફર્યા છે. ઘણી નર્સરીની મુલાકાત લીધી છે પરંતું આ કેન્દ્રની મુલાકાતને કારણે બિયારણ ઉત્પાદનમાં ટેકનોલોજીના ઉપયોગને જાણવા મળ્યો. તેઓ કહે છે કે '' અહીં તાલીમ મેળવીને મે અધતન ટેકનોલોજીના ઉપયોગ દ્વારા નર્સરી શરૂ કરી અને મને છ મહિનામાં રૂ. ૩૦ લાખનો ફાયદો થયો.''

આવુ જ વિજાપુર તાલુકાના માઢી ગામના ખેડુત રાકેશ પટેલ કહે છે તેઓ જમીનમાં કયારા બનાવી પરંપરાગત પધ્ધતિથી ધરૂ ઉછેર કરતા પણ આ સેન્ટર ઓફ એક્સલન્સની તાલીમ અને ટેકનોલોજીના જ્ઞાન દ્વારા સોઈલ લેસ કલ્ચર પધ્ધતિથી દોઢ હેકટરમાં ધરૂ ઉછેર્યા અને વર્ષે રૂ. એક કરોડ ચાલીસ લાખનું ટર્ન ઓવર કર્યુ.

પ્રાંતિજ તાલુકાના મોટીદાઉ ગામના સરોજબેન પટેલ પરંપરાગત ખેતી કરતા હતા. આ સેન્ટરની મુલાકાત બાદ અહીંની ગ્રીન હાઉસ ટેકનોલોજી જેવી અનેકવિધ કૃષિ પધ્ધતિની જાણકારી મેળવી. સરોજબેને ખીરા કાકડી અને ગલગોટા જેવા સામાન્ય પાકનું પણ આધુનિક ટેકનોલોજીની મદદથી ઉત્પાદન શરૂ કર્યુ અને સૌના આશ્ચર્ય વચ્ચે એક એકરમાંથી તેમણે વર્ષે રૂ.૧૦ લાખનું ઉત્પાદન મેળવ્યું. તેઓ કહે છે ''ખેડુતોએ અને ખાસ કરીને મહિલા ખેડુતોએ અધતન કૃષિ ટેકનોલોજી વિશે જાણકારી મેળવી આગળ વધવું જોઈએ''.

નર્મદા જિલ્લાના ગંગાપુરના કરીયાભાઇ વસાવાએ પણ નર્સરીમાંથી તાલીમ મેળવી મરચાં-રીંગણ-કોબી ફલાવરની પ્લગ નર્સરી કરી અને ૨૫ લાખ જેટલું વળતર મેળવ્યું. તેઓ પણ કહે છે કે હવે ટેકનોલોજીની માહિતી દ્વારા ખેડુતોએ પ્રગતિશીલ બનવું પડશે.

# પાલનપુર સિવિલ હોસ્પિટલમાં એમ.સી.આઈ.ની ટીમના ધામા

**સિવિલના ખાનગીકરણ સામે આપ- કોંગ્રેસ દ્વારા વિરોધ : સિવિલમાં પોલીસનો કાફલો ખડકાયોઃચૂંટાયેલા પ્રતિનિધીઓ ફરક્યા પણ નહીં : એમ.સી.આઈ.ની ટીમ સામે મુન્નાભાઈ એમ.બી.બી.એસ.જેવું ફૂલ ગુલાબી ચિત્ર રજૂ કરાયું**

બનાસકાંઠા જિલ્લાના મુખ્યાલય પાલનપુર ખાતે મેડીકલ કોલેજ મંજુર થઈ છે. જેના ઈન્સપેકશન માટે દિલ્હીથી એમ.સી.આઈ.ની ટીમ પાલનપુર સિવિલમાં આવી હતી. જ્યાં મેડિકલ કોલેજના ઓથા હેઠળ પાલનપુર સિવિલના ખાનગીકરણ સામે આમ આદમી પાર્ટી અને કોંગ્રેસના કાર્યકરો દ્વારા ભારે વિરોધ કરતા ચકચાર મચી ગઈ હતી. સિવિલના ખાનગી કરણ સામે ભારે સુત્રોચ્ચાર સાથે વ્યાપક વિરોધ થતા સિવિલ કેમ્પસમાં પોલીસનો કાફલો ખડકી દેવાતા ભારે ઉત્તેજનાભર્યો માહોલ સર્જાયો હતો.



રાજ્યની ભાજપ સરકારના પૂર્વ આરોગ્ય મંત્રી શંકર ચૌધરીએ બનાસકાંઠાને મેડિકલ કોલેજ આપવાના ઓથા હેઠળ પોતાના ચેરમેનપદ હેઠળની બનાસડેરી સંચાલિત ગલબાભાઈ ટ્રસ્ટને પાલનપુર સિવિલ હોસ્પિટલનું ખાનગીકરણ કરી તેનો કબ્જો લેવાની હિલચાલ હાથ ધરી છે. જેની સામે જિલ્લાભરમાંથી ભારે વિરોધનો વંટોળ ફૂંકાયો છે. ત્યારે આજે મેડિકલ કોલેજની મંજૂરીને લઈને દિલ્હીથી એમ.સી.આઈ.ની ટીમ સિવિલ હોસ્પિટલના ઈન્સપેકશન માટે આવી હતી. જેમણે સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં આવેલી બિલ્ડીંગો, સાધનસામગ્રીની સમિક્ષા કરી હતી. જોકે, આ ટીમની મુલાકાત સમયે અગાઉથી જ સિવિલ હોસ્પિટલનું ખાનગીકરણ રોકવા માટે આંદોલન ચલાવી રહેલી આમ આદમી પાર્ટીના રમેશભાઈ નાભાણી, શહેર કોંગ્રેસના પ્રમુખ મુકેશ ચૌહાણ, સમીબેન તેમજ અન્ય સામાજીક સંસ્થાઓના કાર્યકરો સિવિલ હોસ્પિટલમાં દોડી આવ્યા હતા. અને ખાનગીકરણ રોકવા માટે સુત્રોચ્ચાર કર્યા હતા. જેના પગલે ભારે ઉત્તેજના પ્રસરી જવા પામી હતી. આ ઘટનાક્રમને પગલે સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં ભારે પોલીસ ફોજ ખડકી દેવાઈ હતી. અને કાર્યકરોને કેમ્પસની બહાર કઢાયા હતા.

### ધારાસભ્યઓ ફરક્યા પણ નહીં

જોકે, પાલનપુર સિવિલના ખાનગીકરણનો વિરોધ કરવાની ખાત્રી આપનારા વડગામના ધારાસભ્ય જિગ્નેશ મેવાણી અને પાલનપુરના ધારાસભ્ય મહેશ પટેલ સહિતના નેતાઓ એમ.સી.આઈ.ના ઈન્સપેક્શન ટાણે ન ફરકતા લોકોએ તેમની સામે પણ ફિટકારની લાગણી વરસાવી હતી.

### મિડીયાકર્મીના ફોટા ડિલીટ કરાવ્યા

એમસીઆઈની ટીમના અધિકારીઓએ સિવિલ હોસ્પિટલમાં કોંગ્રેસ અને આપ સહિતના કાર્યકરો સાથે બેઠક યોજી હતી. આ વખતે મિડીયાકર્મીઓને રૂમમાંથી બહાર નીકાળવામાં આવ્યા હતા. તેમજ કેટલાક પત્રકારોના કેમેરામાંથી ફોટા પણ ડિલીટ કરાવવામાં આવ્યા હતા. ચોથીજાગીર ઉપર જોહુકમી થતાં પત્રકારોમાં ભારે રોષ ઉદ્દભવવા પામ્યો હતો. આમ, પાલનપુર સિવિલના ખાનગીકરણનો મુદ્દો ભાજપ માટે ૨૦૧૯માં પણ ભારે આત્મઘાતી સાબિત થાય તેવા અણસાર વર્તાઈ રહ્યા છે.

### મુન્નાભાઈ એમ.બી.બી.એસ. જેવું ચિત્ર રજૂ કરાયું

પાલનપુર સીવીલમાં એમ.સી. આઈ.ના ઈન્સપેકશન ટાણે ગલબાભાઈ ટ્રસ્ટ દ્વારા મુન્નાભાઈ એમ.બી.બી.એસ. ફિલ્મ જેવો સેટ ખડો કરી ફૂલગુલાબી ચિત્ર રજૂ કરાયું હતું. પાલનપુર સિવિલ માં એમ.સી.આઈ.ના માપદંડો મુજબ કોઈ ઈન્ફ્રાસ્ટ્રકચર કે સ્ટાફ નથી. પાલનપુરના ખાનગી તબીબોને એપ્રન પહેરાવી ઉભા કરી દેવાયા હતા. ત્યારે આ બધી ક્ષતિઓને ઉજાગર કરી એમ.સી. આઈ.ને ગુમરાહ કરવા સામે આમ આદમી પાર્ટીના રમેશભાઈ નાભાણીએ એમ.સી. આઈ.ને આવેદનપત્ર પાઠવ્યું હતું. જોકે, મોરિયા ખાતેની ગૌચરની જમીન હડપી લઈ તેના પર પોતાના જ ટ્રસ્ટને મેડિકલ કોલેજ મંજુર કરી આપી પૂર્વ આરોગ્ય મંત્રી શંકર ચૌધરીએ ઓફીસ ઓફ પ્રોફિટનો ભંગ કર્યો હોઈ તેની પણ તપાસ કરવા ભૂતેડીના પૂર્વ મહિલા સરપંચ સમુબેન ચૌહાણે પણ માંગ કરી હતી.

## ભાખરી પાસે અક્માતમાં વજેગઢના પિતા-પુત્રને ગંભીર ઈજા

થરાદ, તા. ૧૭

સોમવારના સાંજના સુમારે થરાદ તાલુકાના વજેગઢ ગામના પ્રધાનજી વાંકજી ઠાકોર ઉ.વ. ૩૬ તેમના પાંચ વર્ષના પુત્ર કરણ સાથે મોટરસાયકલ પર આવી રહ્યા હતા. જેમને વાવ તાલુકાના ભાખરી પાસે કોઈ વાહને ટક્કર મારતા તેઓ નીચે પટકાતાં બંન્નેને ગંભીર ઈજાઓ થવા પામી હતી. જેમને ૧૦૮માં સારવાર માટે થરાદની સરકારી હોસ્પીટલમાં સારવાર માટે ખસેડાયા હતા. જેમને જીપડાલાએ ટક્કર મારી હોવાનું ચર્ચાસ્પદ બન્યું હતું.

# વિસનગર ધારાસભ્યના કાર્યાલયની તોડફોડના મામલે ૭મીએ વધુ સુનાવણી

મહેસાણા, તા. ૧૭

મહેસાણાના વિસનગર ધારાસભ્યના કાર્યાલયની તોડફોડના મામલે આજે વિસનગર કોર્ટમાં ૧૭ પૈકી બે આરોપીઓ હાજર રહ્યા ન હતા. જ્યારે કોર્ટમાં આગામી ૭ તારીખે વધુ સુનાવણી કરવામાં આવશે. જ્યારે તપાસ અધિકારીની જુબાની સહિતના જવાબ આજે કોર્ટ દ્વારા લેવામાં આવ્યા હતા.

મહેસાણાના અનામત આંદોલનમાં ગુજરાતમાં પ્રથમ વિસનગરમાં પાટીદાર અનામત આંદોલનમાં કેસ બનવા ગયો હતો. જેમાં સ્થાનિક ધારાસભ્ય કાર્યાલયની તોડફોડ સહિતનો મામલે આજે તમામ આરોપી હાજર રહ્યા ન હતા. આજે વિસનગર સેશન્સ કોર્ટમાં આરોપીઓની મુદ્દત હોવાથી આરોપી એસ.પીજીના અધ્યક્ષ લાલજી પટેલ પણ હાજર રહ્યા હતા. હાર્દિક પટેલ કોર્ટમાં સામાજિક કારણોસર હાજર રહ્યા ન હતો. અને તેને રજાનો રીપોર્ટ મુક્યો હતો. જ્યારે અન્ય એક આરોપી પણ હાજર રહ્યો ન હતો. જેમાં ૧૫ આરોપી કોર્ટમાં હાજર રહ્યા હતા. આ કેસમાં કુલ ૧૭ આરોપીઓ છે. આ સમગ્ર મામલે પોલીસ અધિકારી, આઈ.ઓ સહિત તપાસ અધિકારી પોલીસની કોર્ટે જૂબાની લીધી હતી. જ્યારે વધુ સુનવણી આગામી ૭મીએ લેવાશે.





### થરાદના કાસવી નજીક કેનાલમાં ગાબડુ

થરાદ નજીકથી પસાર થતી નર્મદા કેનાલમાં રોજના ગાબડાં પડવાની ઘટનાઓ વધતી જાય છે. આજ ફરી થરાદ તાલુકાના કાસવી નજીકથી પસાર થતી માઈનોર કેનાલમાં ગાબડું પડતા ખેડૂતો પરેશાન થયા હતા. થરાદ પાસેથી પસાર પસાર થતી નર્મદાની મુખ્ય કેનાલમાંથી ખેડૂતોને પાણી માટે માઈનોર કેનાલો બનાવેલ છે. જે કેનાલોમા રોજની વધતી જતી કેનલો તૂટવાની ઘટનાઓમાં વધારો થઈ રહ્યો છે. જે આજે કાસવી ગામની સીમમાંથી પસાર થયેલી માઈનોર કેનાલમાં ૧૫ ફૂટનું ગાબડું પડતાં નજીકમાં આવેલા ખેડૂતોના ખેતરોમાં જીરાના ઉભા પાકમાં પાણી ફરી વળતા ખેડૂતોને લાખો રૂપિયાનું નુકસાન થયું છે. તંત્રની ઢીલી નીતિ અને કોન્ટ્રાક્ટરોના ભ્રષ્ટાચારને લઈને ખેડૂતોને લાખો રૂપિયાનું નુકસાન ભોગવવું પડે છે.